ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે શહેરમાં ૩ અને જિલ્લામાં ૨ નવા કેસ

**સે. ૮/સીમાં મહિલા તબીબ : સેક્ટર-૩/સીમાં ૧૩ વર્ષીય કિશોર અને સેક્ટર-૨/બીમાં ૭૦ વર્ષીય વૃદ્ધા : આ ઉપરાંત રાંધેજામાં ૩૦ વર્ષીય મહિલા અને ઝુંડાલમાં ૨૯ વર્ષીય મહિલાને કોરોના પોઝિટિવ : જિલ્લામાં વધુ ૫ કોરોના પોઝિટિવ કેસ : કુલ ૩૬ કેસ : સેક્ટર-૮સી અને સેક્ટર-૨/બી કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો : ઘનિષ્ઠ સર્વેલન્સ આરંભાયું**



સેક્ટર-૮/સી



સેક્ટર-૭/ડી



સેક્ટર-૩/સી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે વધુ પાંચ કેસ કોરોના પોઝીટીવના આવતાં તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે. આ સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યા વધીને ૩૬ થવા પામી છે.

આજે નોંધાયેલ ૫ કેસોમાં ચાર મહિલા દર્દી છે જ્યારે ૧ બાળકનો સમાવેશ થાય છે. ૩ કેસ શહેરી વિસ્તારમાં નોંધાયા છે તો બે કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં સે. ૮માં આજે એક મહિલા તબીબને કોરોના પોઝીટીવ જણાયો છે. સે. ૮માં આ કેસ નોંધાતા સમગ્ર સેક્ટરમાં ભારે સન્નાટો મચી જવા પામ્યો છે.

સે. ૮-સી માં રહેતા આ મહિલા તબીબ અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર સોસાયટીમાં તબીબી અધિકારી તરીકે ફરજો બજાવે છે.

આજે સવારથી જ મનપાની ટીમોને આ તબીબના ઘરને સેનીટાઈઝેશન કરવા સહિતની કામગીરી હાથ ધરી દીધી હતી. બપોરના સમયે તો મનપાના



કમિશ્નરે આ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં સે. ૮-સી ના ૨૭૧ મકાનોને મુકી લોકડાઉનનો કડક અમલ પણ ચાલુ કરાવી દીધો છે.

આરોગ્યતંત્રની ટીમો દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

સે. ૮માં આ મહિલા તબીબ ઉપરાંત સે. ૩ માં આજે વધુ એક બાળકને પણ કોરોના પોઝીટીવ આવતાં સેક્ટરમાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે. આ બાળક સે. ૩ માં નોંધાયેલ મહિલા દર્દીના પરિવારનું જ છે. આ બાળક સાથે પરિવારમાં ૪ સભ્યોને કોરોના પોઝીટીવ આવ્યો છે.

મોડીસાંજે સેક્ટર-૨/બીમાં દાણીલીમડાથી બે દિવસ પૂર્વે ગાંધીનગર આવેલા ૭૦ વર્ષીય મહિલાને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા સમગ્ર વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો છે. વૃદ્ધાને ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરાયા છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે રહેતા અને માર્કેટયાર્ડમાં નોકરી કરતા યુવાનની પત્નીને પણ આજે કોરોના પોઝીટીવ આવ્યો છે.

આ મહિલાને કોબા પ્રેક્ષા ભારતી ખાતે ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ હતી. તેણીનીને તકસલીફ જણાતાં કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો અને રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામે અમદાવાદ મનપામાં ફાર્માસીસ્ટ તરીકે ફરજો બજાવતા કર્મયોગીને કોરોના પોઝીટીવ આવતાં તેમના પરિવારને પણ પ્રેક્ષાભારતી ખાતે ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ. આ પરિવારની પુત્રવધુને આજે કોરોના પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારની બન્ને મહિલા દર્દી ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં હતી અને ત્યાંથી તેમને સારવાર માટે ખસેડવામાં આવેલ છે. જિલ્લા અને શહેરમાં આમ કોરોના પોઝીટીવના કેસોની સંખ્યા ૩૬ થવા પામી છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવેલ છે.

### આજના પોઝીટીવ દર્દીઓની વિગતો

| ક્રમ | જાતિ | ઉંમર | રહેઠાણ વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૧૩ | સેક્ટર-૩-સી |
| ૨ | સ્ત્રી | ૨૯ | સેક્ટર-૮-સી |
| ૩ | સ્ત્રી | ૨૯ | ઝુંડાલ |
| ૪ | સ્ત્રી | ૩૦ | રાંધેજા |
| ૫ | સ્ત્રી | ૭૦ | સેક્ટર-૨-બી |

## ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી ૨૬૪ વ્યક્તિઓ કોરોન્ટાઈન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે નવા કોરોના વાયરસના કેસો નોંધાયા છે. અત્યાર સુધી ગ્રામ્ય વિસ્તારમાં કુલ – ૧૬ કોરોના વાયરસના પોઝિટીવ કેસો નોધાયા છે. ૨૬૪ વ્યક્તિઓને આજદિન સુધીમાં કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલે જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં આજના દિવસમાં ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામની ૨૯ વર્ષીય સ્ત્રી અને રાંધેજા ગામની ૩૦ વર્ષીય સ્ત્રીને કોરોના પોઝિટીવ આવ્યો છે. આમ અત્યાર સુધી કુલ – ૧૬ કોરોના વાયરસના પોઝિટીવ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧, માણસા તાલુકામાં ૨, કલોલ તાલુકામાં ૧ અને દહેગામ તાલુકામાં ૨ કોરોના વાયરસ પોઝિટીવનો સમાવેશ થાય છે. જેમાંથી ૧૦ કોરોના વાયરસના દર્દીઓ સારંવાર હેઠળ છે. જયારે કોલવડા એક વ્યક્તિનું મૃત્યૃ થયું છે. તેમજ ૫ ને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. શાંતિગ્રામ ખાતે મળેલ કોરોનાનો કેસ અમદાવાદ કાર્પોરેશન વિસ્તારમાં ગણવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ- ૨૬૪ લોકો કોરોન્ટાઇન છે. જેમાં હોમ કોરોન્ટાઇન હેઠળ ૧૭૧ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. સરકારી ફેસિલટી કોરોન્ટાઇનમાં ૮૩ અને ૧૦ વ્યક્તિ ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇનમાં છે. ગાંધીનગર તાલુકામાં ૮૦, માણસા તાલુકામાં ૬૪, કલોલ તાલુકામાં ૭૪ અને દહેગામ તાલુકામાં ૪૬ વ્યક્તિઓ કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ- ૩૧૪ વ્યક્તિઓના લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યા છે. જેમાં ૧૬ પોઝિટીવ કેસ અને ૨૯૮ નેગેટિગ કેસ આવ્યા છે. કોરોના રીલેટેડ ૨૭૩ કોલ અને સારવાર અપાયેલ વ્યક્તિ ( DHC ) ૨૦૫ છે.



મીઠો છાંયડો... - વૈશાખનો તાપ દિવસે દિવસે વધતો જાય છે ત્યારે અબોલ પશુઓ છાંયડો શોધવા આતુર હોય છે... ગાંધીનગર શહેરમાં લીમડા અને આંબાના ઝાડની નીચે ગાયના ટોળા છાંયડો શોધી હાશકારો મેળવે છે...

## ગાંધીનગરને અમદાવાદ ન બનાવવુ.. હોય તો.. કોરોના કેરિયર્સને અટકાવો

**બહારથી આવતા નાગરિકોને અટકાવાશે નહી તો ગાંધીનગર અમદાવાદ બની જશે : નાગરિકોનો આક્રોશ : લોકડાઉન દરમિયાન સ્વયંશિસ્તમાં રહેતા નાગરિકોમાં અમદાવાદ સહીત બહારથી આવતા નાગરિકોની એન્ટ્રીથી ભારે ઉચાટ : સે -૩ સી, સે-૭ ડી, સે-૨ બી કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવાની ફરજ પડી ત્યારે કોરોનાને હવે વધુ ફેલાતો અટકાવવા માટે સેકટરોની જેમ નગરમાં બહારના માટે નો એન્ટ્રીનો કડક અમલ અનિવાર્ય વહેલી સવારે અને મોડી રાત્રે એન્ટ્રી એકઝીટ પાઇન્ટ પર વધુ કડક ચેકીંગ કરવુ અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. લોકડાઉન દરમિયાન સ્વયંશિસ્તમાં જોવા મળતા નગરમાં કોરાનાના દર્દીઓ અચાનક જ વધતા નાગરિકોની મુંઝવણ પણ વધી છે. આવા સંજોગોમાં બહારથી કોરોના કેરિયર કરીને આવતા નાગરિકો માટે કડક રીતે નો એન્ટ્રીનો અમલ થતો ન હોવાનો રોષ પણ સ્થાનિક નાગરિકોમાં પ્રબળ બન્યો છે. જયારે કોરોના કેરિયર્સના પ્રવેશથી સ્થાનિકોએ લોકડાઉનના કડક અમલના અંતે પણ હવે સેકટરમાં પુરાવાનો વારો આવ્યો છે. ત્યારે આ મામલે પોલીસ તંત્રએ વધુ સજાગ બની શહેરમાં પ્રવેશતા બહારના નાગરિકો પર રોક લગાવવી અનિવાર્ય છે. નહીંતર ગાંધીનગરને અમદાવાદ બનતા વાર નહીં લાગે ...પાટનગરમાં કોરોના કેરિયરની આયાતી મામલે નગરજનો મુંઝવણ અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં કોરોના વાયરસનો પગપેસારો વધુ મજબુત બન્યો છે. હવે શહેરના સેકટરોમાં રોજબરોજ નવા કેસ આવતા જાય છે. છેલ્લા ૪૦ દિવસથી નગરજનો લોકડાઉનનુ કડક પાલન કરી રહ્યા છે. નાગરિકો સ્વયંશિસ્તમાં રહીને કોરોનાના રોગચાળાને માત આપવા માટે સરકારની ગાઈડલાઈન મુજબ દરેક સુચનાઓનો અમલ કરે છે. આમછતા છેલ્લા બે ત્રણ દિવસથી કોરોના નવા કેસ નોંધાતા સ્થાનિક રહીશો પણ આ મામલે અચરજમાં છે. આવા સંજોગોમાં છેલ્લા ઘણાં સમયથી લોકડાઉનનો અમલ કરતા સેકટરોવાસીઓને હવે સે-૩ અને સે-૮ માં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરી સદંતર લોકડાઉનમાં મુકી દેવાયા છે. જો કે કોરોનાના વાયરસને ફેલાતો અટકાવવા માટે આ જરૂરી પણ છે. પરંતુ હજુ અમદાવાદથી કોરોનાને પોકેટમાં લઈને આવતા નાગરિકોને અટકાવવા માટે કડક પગલા લેવાતા નથી. નગરના એન્ટ્રી એકઝિટ પોઈન્ટ પરથી અમદાવાદથી આવતા નાગરિકો શહેરમાં આસાનીથી પ્રવેશ લઈ લેતા હોવાનુ પણ નવા કેસોના અંતે સ્પષ્ટ થઈ રહ્યુ છે. સેકટરોમાં લોકબંધી કરી દેવામાં આવે છે. પરંતુ કોરોના વાયરસના કેરિયર બનતા આવા મુલાકાતીઓ કે મુળ નગરના રહેવાસીઓને અટકાવામાં ઢીલ થઈ રહી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. સરકારી નગરી હોવાના નાતે નગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ પણ કાર્યરત છે. જયારે નવા અને જુના સચિવાલય સહીત શહેરની અનેક સરકારી કચેરીઓ શરૂ થયા બાદ કર્મચારીઓની અવરજવર પણ વધી છે. આવા સંજોગોમાં અમદાવાદ શહેરમાંથી પણ કર્મચારીઓ આવે છે. જો કે હોટસ્પોટ વિસ્તારમાંથી કર્મચારીઓને ફરજ પર નહીં બોલવાનો પણ નિર્ણય લેવાયો છે. પરંતુ અમદાવાદમાં કોરોના વાયરસનુ સંક્રમણ વધુ છે. ત્યારે ગાંધીનગરમાં કોરોના હજુ પણ તંત્રની પકડમાં છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં કોરોનાને વધુ ફેલાતો અટકાવવા માટે અમદાવાદથી આવતા કોઈપણ નાગરિકોને શહેરમાં પ્રવેશ ન મળે તે અત્યંત જરૂરી છે. નહીંતર કોરોના સંક્રમણના મામલે ગાંધીનગરને અમદાવાદ બનતા વાર નહી લાગે તેવો રોષ પણ સ્થાનિક નગરજનોમાં પ્રબળ બન્યો છે. ગાંધીનગરના નાગરિકો આમ પણ સ્વયંશિસ્તનુ પાલન કરે છે. છતા પણ બહારથી આવતા નાગરિકોના લીધે કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. વહેલી સવારે તેમજ મોડી રાત્રે

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં અન અધિકૃત અવર-જવર સાંખી લેવાશે નહિ : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં એકથી બીજા ગામે નોકરી, વ્યાપાર માટે અનઅધિકૃત રીતે અવર-જવર કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ અંગે કડક સૂચનાઓ જારી કરી આ પ્રકારની અનઅધિકૃત અવર-જવર બંધ કરવા જણાવ્યુ છે.

તેમણે જારી કરેલી એક સૂચનામાં એમ પણ જણાવ્યુ છે કે ગામનો વતની હોય પરંતુ ગામમાં હવે પ્રવેશ મેળવતાં જ ગામના તલાટી, સરપંચને તેની જાણ કરવાની રહેશે આ ઉપરાંત તેના આરોગ્યની ચકાસણી પણ કરાવવાની રહેશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મળી આવેલા કોરોનાના કેસોનું અવલોકન કરતાં જણાય છે કે આ વ્યકિતઓ અન્ય સંક્રમિત- કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં નોકરી, વ્યવસાય કે અન્ય પ્રવૃત્તિ કરતા હોવાનું અને આ જિલ્લામાં વતની હોવાના નાતે વતનમાં આવી ગયાનું સ્પષ્ટ થાય છે. આ બધી બાબતોને ધ્યાને લઈ તેમણે આજે જિલ્લાના ગ્રામ્યજનો માટે આ સૂચના જારી કરી છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com